આકાશવાણી ભુજ

સમાચાર વાચક : આશુતોષ અંતાણી

ડીઇઓ : પ્રદિપ ચાવડા

તારીખ : **08-07-2024** સમય : સવારે **6.50** વાગ્યે

---

## મુખ્યમંત્રી : રશિયા પ્રવાસ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી ત્રણ દિવસના રશિયા અને ઑસ્ટ્રિયાના પ્રવાસ માટે રવાના થશે. યાત્રા દરમિયાન તેઓ 22 મા ભારત-રશિયા શિખર સંમેલનમાં ભાગ લેશે. આ સંમેલન બંને દેશો વચ્ચે સંરક્ષણ, વેપાર, રોકાણ, ઊર્જા, શિક્ષણ, વિજ્ઞાન તેમજ ટેક્નૉલોજી, સંસ્કૃતિ અને લોકો વચ્ચેના સંબંધો પર કેન્દ્રિત હશે. શ્રી મોદી અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદીમિર પુતિન બંને દેશો વચ્ચે બહુમુખી સંબંધોની સમીક્ષા કરશે અને સાથે જ પારસ્પરિક લાભ અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ ચર્ચા કરશે.

**RNU** અમદાવાદ

---

## રથયાત્રા-01 : ઓરિસ્સા

ઓડિશાના પવિત્ર નગર જગન્નાથ પુરીમાં ગઇકાલે ભગવાન જગન્નાથ, ભાઇ બલભદ્ર અને દેવી સુભદ્રાની વિશ્વ પ્રસિદ્ધ રથયાત્રાનો પ્રારંભ થયો છે. આ રથયાત્રા દરમિયાન થયેલી નાસભાગમાં એક ભાવીકનું મોત જ્યારે 400થી વધુ શ્રદ્ધાળુ ઇજાગ્રસ્ત થયા છે. આજે ફરી રથયાત્રા શરૂ કરવામાં આવશે.

**RNU અમદાવાદ**

------------------------------------------------------------------------

## રથયાત્રા-02 : રાજ્ય

રાજ્યમાં મુખ્ય રથયાત્રા અમદાવાદના જગન્નાથ મંદિર ખાતે યોજાઇ છે. મુખ્યંમત્રી ભૂપેન્દ્ર પટેલે વહેલી સવારે મંદિર પરિસરમાં ભગવાન જગન્નાથ અને રથનું પૂજન કરી પહિંદ વિધિ કરી હતી. ભગવાના રથની સોનાની સાવરણીથી પહિંદવિધિ સંપન્ન કરી મુખ્યમંત્રીએ રથયાત્રાને પ્રસ્થાન કરાવી હતી.

મુખ્યમંત્રી શ્રી પટેલે રથયાત્રાને સાચા અર્થમાં લોકઉત્સવ ગણાવી સૌ નાગરીકોને રથયાત્રા પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી. અને રાજય સહિત દેશમાં સદભાવના, એકતા, શાંતિ અને સમૃદ્ધિ બની રહે તેવી પ્રભુ જગન્નાથને પ્રાર્થના કરી હતી.

આ પાવન પર્વે કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે વહેલી સવારે મંગળા આરતીનો લાભ લીધો હતો. રાજયના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ પણ રથના દર્શન કરી પૂજા કરી હતી.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

## રથયાત્રા-3 : કચ્છ

અષાઢી બીજ પર્વ નિમિત્તે જિલ્લાભરમાં ધાર્મિક શ્રદ્ધા અને હર્ષોલ્લાસ પૂર્વે રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લામથક ભુજ ખાતે સ્વામિનારાયણ મંદિર આયોજિત રથયાત્રામાં મંદિરના મહંત ધર્મનંદનદાસજી સહિત સાંસદ વિનોદ ચાવડા, ભુજના ધારાસભ્ય કેશુભાઇ પટેલ સહિત મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા. જિલ્લામથક ભુજ ઉપરાંત ગાંધીધામમાં જય જગન્નાથ સેવા ટ્રસ્ટના ઉપક્રમે રથયાત્રા યોજાઇ હતી. જેમાં રાજકીય, સામાજિક આગેવાનો પણ જોડાયા હતા. આ ઉપરાંત જિલ્લામાં માંડવી, રાપર, નારાયણ સરોવર સહિતના સ્થળે ભગવાન જગન્નાથજીની રથયાત્રા યોજાઇ હતી.

**N.P. આશુતોષ અંતાણી**

---------------------------------------------------------------------

## કેન્દ્રીય ગૃહમંત્રી : લોકાર્પણ

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગઇકાલે અમદાવાદમાં અમીન P.J.કડવા પાટીદાર વિદ્યાર્થી ભવનનું લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શ્રી પટેલે કહ્યું કે, છાત્રાલયો શિક્ષણ સાથે વ્યક્તિત્વના ઘડતરનો મજબૂત આધારસ્તંભ છે. શ્રી અમિત શાહના નેતૃત્વમાં ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં એકપણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તેવી કામગીરી થઇ રહી છે.

આ ઉપરાંત, શ્રી શાહે અમદાવાદની નવનિર્મિત મલ્ટી સ્પેશિયાલિટી સ્લીમ્સ હોસ્પિટલનું પણ ઉદ્ઘાટન કર્યું હતું. આ હોસ્પિટલ 30 કરોડથી વધુના ખર્ચે તૈયાર કરવામાં આવી છે. આ 8 માળની હોસ્પિટલમાં OPD સુવિધાઓની સાથે રોબોટિક સર્જરી અને કાર્ડિયાક કેર સેન્ટર જેવી અત્યાધુનિક સુવિધાઓ પણ ઉપલબ્ધ છે. શ્રી શાહે આ ઉદઘાટન પ્રસંગે કહ્યું કે, આધુનિક સુવિધાઓથી સજ્જ આ હોસ્પિટલ વિસ્તારની તબીબી જરૂરિયાતોને પહોંચી વળવામાં મદદરૂપ થશે.

**RNU અમદાવાદ**

-----------------------------------------------------------------------

## ભુજ રાજવી પરિવાર : અષાઢી બીજ

ગઇકાલે કચ્છી નવા વર્ષ નિમિત્તે કચ્છના રાજવી પરિવાર દ્વારા જિલ્લામથક ભુજમાં દરબાર ગઢ ખાતે ચંદ્ર પૂજનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પરિવારના કુંવર ઇન્દ્રજીતસિંહે પૂજન કર્યું હતું.

**N.P. આશુતોષ અંતાણી**

-------------------------------------------------------------------

## કચ્છ : રોગાન કલાના કસ્બીને એવોર્ડ

કચ્છની રોગાન કલાના કસ્બી નિરોણાના મહંમદ જબ્બાર ખત્રીને નવી દિલ્હીના પ્રગતી મેદાન ખાતે ડીજીટલ એમ્પાવરમેન્ટ ફાઉન્ડેશન અને ડીજીકરધા ક્રિએટીવ ડિગ્રીટીના સંયુક્ત ઉપક્રમે વર્ષ-2024 નો ડિજિટલ આર્ટીજન્સ ઇન્ડિયા એવોર્ડ અર્પણ કરાય હતો.

**N.P. આશુતોષ અંતાણી**

-------------------------------------------------------------------

## ક્રિકેટ : ભારત-ઝિમ્બાબે-બીજી ટી-20 મેચ

ભારત- ઝિમ્બામ્બે વચ્ચે ગઇકાલે રમાયેલી બીજી ટી-ટ્વેન્ટી મેચમાં ભારતનો 100 રને વિજય થયો છે. ટોસ જીતી પ્રથમ બેટીંગ કરતાં ભારતે 20 ઓવરમાં બે વિકેટે 234 રન બનાવ્યા છે અને ઝિમ્બામ્વેને જીત માટે 235 રનનો લક્ષ્યાંક આપ્યો હતો. ભારત તરફથી અભિષેક શર્માએ 100 અને ઋતુરાજ ગાયકવાડે 77 રન બનાવ્યા હતા.

જવાબમાં ઝીમ્બામ્વેએ 18.4 ઓવરમાં 134 રન બનાવી ઓલઆઉટ થઇ જતાં ભારતની જીત થઇ છે. ઉલ્લેખનીય છે કે, આ જીત સાથે પાંચ મેચોની ટી- ટ્વેન્ટી શ્રેણીમાં ભારત અને ઝિમ્બામ્વે 1-1ની બરાબરી પર પહોંચ્યા છે.

**RNU અમદાવાદ**

-------------------------------------------------------------------